# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૫ અંક : ૦૪૭ તા. ૨૫-૧૦-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

## ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના વડાએ વિશ્વ સ્તરે સ્લોડાઉનની સંભાવના દર્શાવી

### ભારતીય શેરબજારો અત્યારે ગભરાટના તબક્કામાં

ગયા અઠવાડિયા દરમિયાન બજારમાં તીવ્ર ઉછાળો જોવાયા છતાં હજી પણ રોકાણકારોને આગામી દિવસોમાં કેવળ ભારતીય બજાર જ નહીં પરંતુ વિશ્વભરના શેરબજારોમાં મોટો ઘટાડો જોવાશે તે ભય ઉભો છે અને ૨૦૦૮માં જોવાયેલી વૈશ્વિક મંદી કરતાં પણ ખરાબ સમય આવશે તે ભય દેશભરના ઈન્વેસ્ટરોમાં છવાઈ ગયો છે અને આ ટ્રેન્ડને કારણે અસંખ્ય લાર્જકેપ અને મિડકેપ શેરો ખૂબ જ નીચા અને આકર્ષક વેલ્યુએશન ઉપર હોવા છતાં આ તબક્કે તેમાં નવું રોકાણ નથી આવતું અને સામે પક્ષે ગયા અઠવાડિયે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના વડાએ પણ વિશ્વ સ્તરે સ્લોડાઉનની સંભાવના દર્શાવી છે અને તેને કારણે મંદીના ખેલાડીઓને એક નવું બળ મળી ગયું. પરંતુ સહેજ ઊંડાણથી જોઈશું તો વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર અમેરિકામાં હજી પણ અપવર્ડ ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે. સપ્ટેમ્બરમાં મહિનામાં અમેરિકાના રિટેલ વેચાણો ૦.૧ ટકા વધ્યા છે. જ્યારે અર્થશાસ્ત્રીઓને રિટેલ વેચાણોમાં ૦.૬ ટકા વૃદ્ધિની અપેક્ષા હતી અને મુખ્યત્વે મોટર વેહિકલ્સની ખરીદીમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન જોરદાર ઉછાળો જોવાયો છે. ૧ વર્ષ પહેલાં સપ્ટેમ્બરમાં અમેરિકામાં ૪.૭ ટકાની વૃદ્ધિ હતી અને ઓગસ્ટ મહિનાના આંકડાઓ પણ ૦.૧ ટકાની વૃદ્ધિ ઉપર જ કોઈ પણ જાતના ફેરફાર વગર જળવાઈ રહ્યા છે.

સામે પક્ષે કન્ઝયુમર સેન્ટીમેન્ટ ઈન્ડેક્સ ઓક્ટોબર મહિનામાં ૯૯ના લેવલ ઉપર જળવાયો છે અને ઈમ્પોર્ટ પ્રાઈસમાં ૦.૨ ટકા વૃદ્ધિની સંભાવના સામે ૦.૫ ટકાની વૃદ્ધિ જોવાઈ છે. આમ, અમેરિકન અર્થતંત્રના વિવિધ પાસાંઓ મજબૂતીનો ટ્રેન્ડ દર્શાવે છે પરંતુ સરકારનો ખર્ચો વધ્યો હોવાને કારણે સને ૨૦૧૮માં અમેરિકાની બજેટ ખાધ ૭૭૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. જ્યારે વિવિધ કંપનીઓના સપ્ટેમ્બર ક્વાર્ટરના પરિણામો અપેક્ષા કરતાં વધારે સારા આવ્યા છે. મોર્ગન સ્ટેનલીની કમાણી ૧.૦૧ ડોલરથી વધીને ૧.૧૭ ડોલર શેર દીઠ થઈ ગઈ છે અને તેવી જ રીતે બ્લેકરોકની કમાણી પણ ૬.૮૪ ડોલરથી વધી શેર દીઠ ૭.૫૨ ડોલર આવી છે. જહોન્સન એન્ડ જહોન્સનની કમાણી પણ ૨.૦૩ ટકાથી વધીને ૨.૦૫ ટકા થઈ ગઈ છે અને






સામે પક્ષે વોલમાર્ટ દ્વારા સને ૨૦૧૯ માટેની તેની કમાણીના અંદાજમાં ઘટાડો કર્યો છે. અમેરિકામાં ઓગસ્ટ મહિના દરમિયાન ૭૧.૩૬ લાખ નવી રોજગારીઓ ઉભી થઈ છે અને તે એક નવો વિક્રમ છે અને આ બધાં પરિબળોને કારણે અમેરિકન અર્થતંત્ર હજી પણ મજબૂતી દર્શાવી રહ્યું છે.

ગયા અઠવાડિયા દરમિયાન અમેરિકાન ડાઉજોન્સ ઈન્ડેક્સમાં સતત ૪ સેશન સુધી ઝડપી ઉછાળો જોવાયો હતો અને તેમાં પણ ૧૭મી ઓક્ટોબરે તો માર્ચ મહિના પછીના સૌથી મજબૂત ઉછાળા ૫૦૦ પોઈન્ટ વધીને એક નવો વિક્રમ ડાઉજોન્સે બતાવ્યો પરંતુ તે પછીની સેશનમાં ડાઉજોન્સમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો હતો.

સામે પક્ષે ભારતીય અર્થતંત્રમાં અત્યારે કોઈ નવા ડેવલપમેન્ટ નથી. સરકારના લેવલ ઉપર પણ કોઈ મહત્ત્વની જાહેરાતો નથી આવતી જ્યારે અન્ય પક્ષો લોકસભાની ચૂંટણીઓ પૂર્વે પોતાની હાજરી પુરવાર કરવા માટે અલગ અલગ પ્રકારના સ્ટેટમેન્ટો દર્શાવી રહ્યા છે અને સમગ્ર દેશ અત્યારે 'મી ટૂ'ની તરફેણ અને વિરુદ્ધની ચર્ચાઓમાં મશગૂલ છે અને આ ડેવલપમેન્ટ અંગે અર્થતંત્રમાં કોઈ નવી જાહેરાતો નથી દેખાતી. પરંતુ એકદમ પોઝિટીવ પાસું કહીએ તો અત્યાર સુધી જે કંપનીઓના પરિણામો આવ્યા તે પરિણામો અપેક્ષા કરતાં વધારે સારા આવ્યા છે. બે ટોચની આઈટી કંપનીઓ ટીસીએસ અને ઈન્ફોસિસના પરિણામો ખૂબ સુંદર આવ્યા અને તે પછી બેન્કિંગ સેક્ટરમાં ઈન્ડસઈન્ડ બેન્ક, કર્ણાટક બેન્ક, બંધન બેન્ક અને સાઉથ ઈન્ડિયન બેન્કના આંકડા અપેક્ષા કરતાં ઘણાં સારા આવ્યા છે. ઝી મીડિયા અને ટીવી-૧૮ બ્રોડકાસ્ટિંગના આંકડા પણ પ્રોત્સાહક છે. જ્યારે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સે પણ સપ્ટેમ્બર ક્વાર્ટરમાં સુંદર વૃદ્ધિ દર્શાવી અને તેની પેટા કંપની રિલાયન્સ જીઓમાં પણ જોરદાર વૃદ્ધિદર જળવાઈ રહ્યો છે. સામે પક્ષે કોન્સોલિડેશન અને મર્જરની પ્રક્રિયા પણ ઝડપી બની છે અને એક તરફ રિલાયન્સે ડેન નેટવર્ક અને હાથવે કેબલને હસ્તગત કરી લીધી, જ્યારે બીજી તરફ સિમેન્ટ સેક્ટરમાં પણ પોઝિટીવ ડેવલપમેન્ટ ચાલી રહ્યું છે. આમ, આ તમામ પરિબળોને કારણે વિશ્વ સ્તરે કે ભારતીય અર્થતંત્રમાં સને ૨૦૦૮ જેવી મંદી આવશે તેવી કોઈ સંભાવના આ તબક્કે અમને નથી લાગતી, પરંતુ તીવ્ર કરેક્શન પછી બજાર એકદમ ઝડપથી ચાલવા લાગે તે આશા પણ ન રખાય અને માર્જીન ફંડીંગમાં રૂ. ૧૪૦૦૦ કરોડનું જંગી ભંડોળ ફસાયું અને દેશના અનેક ટોચના ખેલાડીઓએ જંગી રકમો ગૂમાવી છે તેને કારણે હજી થોડો સમય તેમની લેવાલી એકદમ મર્યાદિત રહેશે. જ્યારે રિટેલ ઈન્વેસ્ટર સામાન્ય રીતે પોતાના પોર્ટફોલિયોના ઉંચા ભાવના શેરો વેચીને નીચા ભાવના શેરો કવર કરતો હોય છે. પરંતુ છેલ્લાં ૧ મહિના દરમિયાન તાજેતરના સમયગાળામાં જે શેરો ખરીદ્યા હતા તે તમામના ભાવ ૨૦થી ૩૦ ટકા જેટલા નીચા આવી ગયા છે અને તેથી તે શેરો સારા હોય તેમ છતાં રિટેલ ઈન્વેસ્ટર વેચી નથી શકવાનો અને અસંખ્ય નીચા ભાવના શેરો બતાવીશું તોપણ ખરીદી નથી શકવાનો. આ તબક્કે કેવળ ડોક્ટર, વકીલો અને અન્ય ઈન્વેસ્ટરો કે જેઓ દર મહિને કેશ સરપ્લસ થાય છે તેઓ જ નીચા ભાવના શેરો ખરીદવાની તક ઝડપી શકશે. પરંતુ સાથે સાથે ટોચના ૪-૫ મ્યુચ્યુઅલ ફંડો કે જેમને એસઆઈપી દ્વારા જ દર મહિને જંગી ભંડોળ મળે છે તેમણે તો અત્યારના નીચા ભાવે સારા શેરો કવર કરવાનું શરૂ પણ કરી નાંખ્યું છે.





સિમેન્ટ સેક્ટર અંગે વિસ્તૃત ચર્ચા કરતાં પહેલાં ભારતમાં રિયલ એસ્ટેટ સેક્ટરનું માર્કેટ કેવું છે તેની ચર્ચા વધારે મહત્ત્વની છે. કારણ કે સિમેન્ટ ઉદ્યોગની માંગ એક તરફ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાંથી અને બીજી તરફ રિયલ એસ્ટેટમાંથી આવે છે. રિયલ એસ્ટેટમાં રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટમાં ટ્રેન્ડ જુલાઈ-૨૦૧૮ દરમિયાન પોઝિટીવ જોવાયો છે અને ૨૨૦ લાખ ચોરસ ફૂટ રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટના વેચાણો થયા છે. પરંતુ સામે પક્ષે નવા લોન્ચિંગની પ્રક્રિયામાં ઘટાડો થયો છે. જુલાઈ મહિનામાં ૮૦ લાખ ચોરસ ફૂટ નવા પ્રોજેક્ટો લોન્ચ થયા અને આ ટ્રેન્ડને કારણે જૂની ઈન્વેન્ટરીમાં હવે ધીરે ધીરે ઘટાડો શરૂ થઈ ગયો છે. પરંતુ સામે પક્ષે કોમર્શિયલ રિયલ એસ્ટેટમાં અત્યારે વધારે મજબૂત ટ્રેન્ડ છે અને તેમાં વેકન્સીનો ટ્રેન્ડ એકદમ મજબૂત છે અને નવા લોન્ચિંગમાં પણ માલ એકંદરે સરળતાથી ખપી જાય છે. પરંતુ સાથે સાથે સિમેન્ટ અને સ્ટીલની કિંમતો વધી રહી હોવાથી અને નવા ઘરોની પડતરમાં વધારો થતો હોવાથી તે પાસું રિયલ એસ્ટેટ માર્કેટ માટે થોડું જોખમી છે.

નેશનલ કેપિટલ રિજીયનમાં હજી પણ વેચાણનો ટ્રેન્ડ પોઝિટીવ છે અને જુલાઈ મહિના દરમિયાન ૪૩ લાખ ચોરસ ફૂટ પ્રોપર્ટીઓના સોદા થયા હતા પરંતુ સામે પક્ષે નેશનલ કેપિટલ રિજીયન સહિત તમામ મેટ્રો શહેરોમાં નવા લોન્ચિંગમાં સ્લોડાઉનની અસર દેખાય છે. જ્યારે મુંબઈ મેટ્રો પોલિટન રિજીયનમાં નવા લોન્ચિંગ ૨૯ લાખ ચોરસ ફૂટ હતા અને છેલ્લાં થોડાં સમયથી સરેરાશ ૩૫ લાખ ચોરસ ફૂટના વેચાણો દર મહિને થઈ રહ્યા છે અને મુંબઈ અને થાણેમાં નવા પ્રોજેક્ટો પણ સરેરાશ દરે ઉભા થઈ રહ્યા છે. જ્યારે બેંગ્લોરના માર્કેટમાં ટ્રેન્ડ મજબૂત છે અને ગોદરેજ અને બ્રિગેડ દ્વારા નવા પ્રોજેક્ટો શરૂ થયા હોવાને કારણે લોન્ચિંગ પ્રક્રિયામાં નોંધપાત્ર સુધારો થયો છે અને બેંગ્લોરમાં અત્યારે ૧૬.૩૦ કરોડ ચોરસ ફૂટ વેચાયા વગરની ઈન્વેન્ટરી છે. પરંતુ જુલાઈ મહિના દરમિયાન બેંગ્લોરની સરેરાશ કિંમતો ૫ ટકા વધી છે.

જ્યારે કોમર્શિયલ રિયલ એસ્ટેટમાં તમામ સેક્ટરમાંથી જૂની ઈન્વેન્ટરીમાં ઝડપી ઘટાડો શરૂ થઈ ગયો છે અને આગામી દિવસોમાં કોમર્શિયલ સેક્ટરમાં ઈન્વેન્ટરી ઘટતાં નવા લોન્ચિંગ ઝડપી બનશે તેવી ગણતરી છે. સામે પક્ષે હોમ લોનના દરમાં ગયા વર્ષની સરખામણીમાં ૫૦ બેઝિક પોઈન્ટનો વધારો થયો છે.

ઓક્ટોબર મહિના દરમિયાન ઓલ ઈન્ડિયા લેવલ ઉપર સિમેન્ટની કિંમતો થેલી દીઠ રૂ. ૨ ઘટીને રૂ. ૩૨૬ થઈ છે. પરંતુ સામે પક્ષે ક્રૂડના ભાવ વધ્યા હોવાથી સિમેન્ટ સેક્ટર માટે ફ્યુઅલ ખર્ચ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં મોટો ઉછાળો જોવાયો છે. એમ પણ જૂન મહિના દરમિયાન સિમેન્ટ કંપનીઓના પરિણામો નબળા આવ્યા હતા અને હવે સપ્ટેમ્બરના પરિણામો આવવાની શરૂઆત થશે પરંતુ આ પરિણામોમાં પણ એકદમ સુધારાનો ટ્રેન્ડ જોવા મળે તેવી કોઈ સંભાવના નથી લાગતી. પરંતુ રિયલ એસ્ટેટ કંપનીઓની પોઝિશન સુધારાતરઓફી હોવાથી સિમેન્ટ કંપનીઓની ઉઘરાણી ઝડપી બનશે અને તેટલા પ્રમાણમાં તેમના વ્યાજખર્ચમાં ઘટાડો થશે તે સંભાવના મજબૂત છે.

છેલ્લાં થોડાં સમયગાળા દરમિયાન સિમેન્ટ શેરો કરેક્શન પછી અત્યારે ખૂબ જ નીચા અને આકર્ષક વેલ્યુએશન ઉપર આવી ગયા છે અને તેથી તે દૃષ્ટિકોણથી સારા સિમેન્ટ શેરો આ તબક્કે કવર કરી લેવાની સલાહ છે.

**દાલમિયા ભારત** : દક્ષિણ ભારતના માર્કેટમાં ટોચનું સ્થાન ધરાવતી દાલમિયા ભારતનો શેર અત્યારે ઘટીને રૂ. ૨૦૫૯ ઉપર આવી ગયો છે અને કંપની વધારે ઉંચા ઓપરેટીંગ માર્જીન સાથે ગયા વર્ષે રૂ. ૧૦ની શેર દીઠ કમાણી કમાઈ હતી અને પ્રથમ ક્વાર્ટરનો ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો પણ આ શેરમાં ગયા વર્ષ જેટલી કમાણી મળવાની ગણતરી છે. રૂ. ૧૦ની કમાણી સામે રૂ. ૨૦૦૦નો અત્યારનો ભાવ ખૂબ જ ઊંચો પીઈ રેશિયો દર્શાવે છે. તેમ છતાં કંપનીની ઉત્પાદન ક્ષમતા અને નફાશક્તિમાં જોરદાર રિરેટીંગની ગણતરી હોવાથી આવા ઊંચા વેલ્યુએશન ઉપર પણ આ શેરમાં રોકાણ જાળવી શકાય.

સામે પક્ષે સૌથી મોટી ઉત્પાદન ક્ષમતા ધરાવતી **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર અત્યારની કમાણી સામે ઉંચા વેલ્યુએશન ઉપર ચાલી રહ્યો છે. પરંતુ અલ્ટ્રાટેક સિમેન્ટ દ્વારા તાજેતરમાં જે નવી ક્ષમતાઓ હસ્તગત કરવામાં આવી છે તેને કારણે આવતાં ૨ વર્ષની માંગને આ કંપની સરળતાથી પહોંચી શકશે. ગયા વર્ષે રૂ. ૮૧ની શેર દીઠ કમાણી હતી અને ચાલુ વર્ષે પણ રૂ. ૮૧થી ૧૦૦ની શેર દીઠ કમાણી જળવાઈ રહેવાની ગણતરી છે અને તે રીતે શેર અત્યારે લગભગ ૪૦ના પીઈ રેશિયો ઉપર મળી રહ્યો છે. નોર્મલ સંજોગોમાં વેલ્યુએશન થોડું ઊંચું કહી શકાય. પરંતુ નવી ક્ષમતાનો ફાયદો હવે બોટમલાઈન ઉપર દેખાવાની ગણતરી હોવાથી ૪૦ના પીઈ રેશિયો ઉપર પણ આ શેરમાં રોકાણ જાળવી શકાય.

સિમેન્ટ ઉદ્યોગની ટોચની કાર્યદક્ષ કંપની તરીકે સ્થાન ધરાવતી **શ્રી સિમેન્ટ** અત્યારે ઘટીને રૂ. ૧૫૧૩૦ ઉપર છે અને પ્રથમ ક્વાર્ટર દરમિયાન કંપનીના નફામાં ૩૬ ટકાનો ઘટાડો જોવાયો હતો. રૂ. ૧૯૮૪૨ના ટોપ ઉપરથી ઘટીને શેર અત્યારે તેના બાવન અઠવાડિયાના બોટમની સહેજ જ ઉપર ચાલી રહ્યો છે અને આ શેરમાં અત્યારનો ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો રૂ. ૪૦૦ની કમાણી બેસે છે. નોર્મલ સંજોગોમાં આ વેલ્યુએશન પણ ઊંચું છે. પરંતુ અલ્ટ્રાટેક સિમેન્ટની જેમ નફાશક્તિમાં મોટી વૃદ્ધિની જગ્યા હોવાથી શ્રી સિમેન્ટમાં નીચા ભાવે થોડાં શેરો લઈને મૂકી શકાય. લાંબાગાળે આ શેરમાં પૈસા મળવાની ગણતરી છે.

રૂ. ૬૮ના ભાવે **સાંઘી ઈન્ડસ્ટ્રીઝ**નો શેર ખૂબ જ આકર્ષક છે. અગાઉ આ શેરમાં રૂ. ૧૪૪નું ટોપ અને તાજેતરમાં રૂ. ૬૫નું બોટમ બન્યા હતા. ગયા વર્ષે રૂ. ૪.૧૪ની શેર દીઠ કમાણી મળેલી અને ચાલુ વર્ષે પણ આ નફાશક્તિ જળવાઈ રહેવાની ગણતરી છે. અત્યારે લગભગ ૧૫ના પીઈ રેશિયો ઉપર શેર મળી રહ્યો છે અને તેમાં આગામી દિવસોમાં સુંદર ઉછાળાની ગણતરી છે.

**જેકે સિમેન્ટ**નો શેર પણ આ ભાવે આકર્ષક છે અને તેની ઉપર પણ ફોકસ કરી શકાય. જ્યારે રૂ. ૯૪૩ના ભાવે **ઓસીએલ**નો શેર ધ્યાનમાં રાખજો. જૂન ક્વાર્ટરમાં ઓસીએલે રૂ. ૭૪.૬૪ કરોડનો નફો અને રૂ. ૧૩.૧૨ની શેર દીઠ કમાણી હાંસલ કર્યા હતા. ગયા વર્ષની સરખામણીમાં પ્રથમ ક્વાર્ટરનો નફો ૩૬ ટકા ઘટ્યો છે અને તેથી તે પછીનાં ૯ મહિનામાં નફો સરભર થઈ શકે છે કે કેમ કે પછી વાર્ષિક ધોરણે પણ નફાશક્તિ ઘટે છે તે જોવું મહત્ત્વનું છે. પરંતુ સામે પક્ષે ઓસીએલ અત્યારે ઘટીને રૂ. ૯૪૩ ઉપર આવી ગયો છે. અગાઉ આ શેરમાં રૂ. ૧૬૨૦નું ટોપ બન્યું હતું. આમ, ઘટેલા ભાવે ઓસીએલનો શેર હવે આકર્ષક વેલ્યુએશન ઉપર છે અને તેમાં થોડું રોકાણ કરી શકાય.

રૂ. ૯૩ના ભાવે **પ્રિઝમ જહોન્સન**નો શેર ખૂબ જ ઊંચા વેલ્યુએશન ઉપર ચાલી રહ્યો છે અને તે શેરમાં લાંબો કસ નથી. જ્યારે ઈન્વેસ્ટમેન્ટની રીતે લાંબાગાળે **ઉદેપુર સિમેન્ટ**નો શેર એનાલિસ્ટો લેવાની વાત કરે છે. અત્યારે ફક્ત રૂ. ૧૩.૪૯ ઉપર છે અને અગાઉ તેમાં રૂ. ૩૩.૭૦નું ટોપ બન્યું હતું. પરંતુ હવેના તબક્કે આ શેરમાં મોટો ઉછાળો નથી બેસતો. ફુલ તેજીનો સમય હતો ત્યારે અલગ વાત છે.

સીકે બિરલા ગ્રૂપની **ઓરિએન્ટ સિમેન્ટ**નો શેર અત્યારે ઘટીને રૂ. ૮૮-૮૯ ઉપર આવી ગયો છે અને અગાઉ આ શેરમાં રૂ. ૧૮૩નું ટોપ બનેલું. પરંતુ આ કંપનીમાં નફામાં મોટો ઉછાળો ડ્યુ હોવાને કારણે અત્યારના ઘટેલા ભાવે થોડાં શેરો લઈને મૂકી દેવાય. અને લોંગટર્મ ઈન્વેસ્ટરને તેમાં નુકસાન થવાની સંભાવના નથી.

**એસીસી** અને **અંબુજા સિમેન્ટ**ના શેર પણ ખૂબ જ નીચા અને આકર્ષક લેવલ ઉપર ચાલી રહ્યા છે અને તેમાં પણ આ તબક્કે ઘટાડાની જગ્યા ખૂબ મર્યાદિત છે.

રૂ. ૯૩ના ભાવે **ઈન્ડિયા સિમેન્ટ** ખૂબ જ આકર્ષક રોકાણ છે. બાવન અઠવાડિયામાં આ શેરે રૂ. ૨૦૦નું ટોપ બતાવેલું અને જે રીતે હવે દક્ષિણ ભારતનું માર્કેટ ખૂલી રહ્યું છે તે જોતાં રૂ. ૯૩વાળા ઈન્ડિયા સિમેન્ટમાં મેક્સિમમ રૂ. ૮૫ સુધી ભાવ જવાનો ભય છે અને રૂ. ૮૫થી રૂ. ૯૩ વચ્ચે થોડાં થોડાં શેરો લઈને મૂકી શકાય.

દક્ષિણ ભારતની **રામકો સિમેન્ટ** પણ અત્યારે રૂ. ૫૭૯ ઉપર આવી ગયો છે અને રામકોમાં થોડાં સમય પહેલાં જ રૂ. ૮૭૮નું ટોપ બન્યું હતું. આ ભાવે થોડાં શેરો લઈને મૂકી શકાય.

સિમેન્ટ પ્રોડક્ટ કંપનીઓમાં **રામકો ઈન્ડસ્ટ્રીઝ** અને **વિશાખા ઈન્ડસ્ટ્રીઝ** આ બે શેરો આકર્ષક છે. વિશાખામાં તો ગયા અઠવાડિયે જ રૂ. ૫૫૦નું ટોપ બન્યું હતું અને બાવન અઠવાડિયામાં આ શેરે રૂ. ૮૪૦નું ટોપ બતાવેલું. કંપનીએ જૂન ક્વાર્ટરમાં રૂ. ૧૯ની શેર દીઠ કમાણી મેળવી હતી અને આ ટ્રેન્ડ જોતાં વાર્ષિક ધોરણે રૂ. ૮૦ની શેર દીઠ કમાણી મળી જાય





તોપણ નવાઈ નહીં લાગે. એટલે કે લગભગ ૫.૫૦નો પીઈ રેશિયો થયો અને તે રીતે થોડાં શેરો લઈ શકાય.

રૂ. ૪૧ ઉપર **સૌરાષ્ટ્ર સિમેન્ટ**ના શેરમાં પણ ખૂબ સુંદર આકર્ષણ છે અને તેની ઉપર પણ ફોકસ કરી શકાય.

શોર્ટટર્મ એંગલથી રૂ. ૨૦૮૦ ઉપર આવી ગયેલો **એચઆઈએલ**નો શેર પણ ધ્યાનમાં રાખજો. સીકે બિરલા ગ્રૂપની આ કંપની દ્વારા જૂન ક્વાર્ટરમાં રૂ. ૫૨ કરોડનો બમ્પર નફો હાંસલ થયેલો અને સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા પણ ખૂબ સુંદર આવવાની ગણતરી છે અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો વાર્ષિક ધોરણે રૂ. ૨૫૦થી રૂ. ૨૮૦ની શેર દીઠ કમાણી મળી શકે. એચઆઈએલે ગયા વર્ષે રૂ. ૧૦૮ની શેર દીઠ કમાણી મેળવી હતી અને તેને કારણે ભાવ ઘટીને રૂ. ૧૧૮૦ સુધી













ઉતરી ગયેલો. તાજેતરમાં રૂ. ૨૬૦૦ થયા પછી અત્યારે રૂ. ૨૦૮૦ના ભાવે મળતાં આ શેરમાં રોકાણ જાળવી શકાય અને તેમાં ૧૨ મહિને રૂ. ૩૦૦૦ના ભાવની સંભાવના ખૂબ મજબૂત છે.

**હિડલબર્ગ સિમેન્ટ, કાકટિયા સિમેન્ટ** કે **સેન્ચરી ટેક્સટાઈલ**ના શેરોમાં આ તબક્કે લાંબો કસ નથી દેખાતો અને તેથી આ શેરોથી દૂર જ રહેવું સલાહભરેલ છે.

સિમેન્ટ બિઝનેસ ધરાવતી **સેન્ચરી ટેક્સટાઈલ**નો સિમેન્ટ બિઝનેસ કુમાર મંગલમ બિરલા ગ્રૂપ હસ્તક જવાનો છે. પરંતુ અત્યારના રૂ. ૭૮૪ના ભાવે સેન્ચરી ટેક્સટાઈલનો શેર જાળવી શકાય અને તેમાં મોટી વૃદ્ધિની જગ્યા નહિવત્ છે.

સિરામિક ટાઈલ્સ કંપનીઓની કામગીરીમાં નબળાઈ દેખાય છે અને એક તરફ ક્રૂડ અને ગેસના ભાવ વધ્યા છે અને બીજી તરફ હજી રેસિડેન્શિયલ રિયલ એસ્ટેટમાં ખાસ માંગ ઊભી નથી થઈ. કોમર્શિયલ રિયલ એસ્ટેટને કારણે વેચાણો અને નફાશક્તિ જળવાઈ રહ્યા છે. પરંતુ કેટલાક શેરો ખૂબ જ નીચા વેલ્યુએશન ઉપર આવી ગયા હોવાથી તે શેરો ઉપર ફોકસ કરી શકાય.

રૂ. ૭૬૪ ઉપરથી ઘટીને **કજરિયા**નો શેર અત્યારે રૂ. ૩૫૨ ઉપર આવી ગયો છે અને કંપનીએ ગયા વર્ષે રૂ. ૧૫.૮૮ની શેર દીઠ કમાણી મેળવી હતી અને અત્યારનો ટ્રેન્ડ જોતાં વાર્ષિક ધોરણે રૂ. ૧૩-૧૪ની શેર દીઠ કમાણી મળવાની સંભાવના છે અને આ પાસાંને કારણે કજરિયાના શેરમાં તાત્કાલિક મોટા ઉછાળાની સંભાવના નથી દેખાતી.

અમદાવાદ સ્થિત **એશિયન ગ્રેનિટો**નો શેર અત્યારે ઘટીને રૂ. ૧૮૩ ઉપર છે. એશિયન ગ્રેનિટોમાં ગયા વખતે રૂ. ૬૧૭ સુધી ટોપ ગયેલું પરંતુ સટ્ટો પીંખાઈ ગયો હોવાથી હવે આ શેરમાં ભાવ ઝડપથી ઘટ્યો છે અને તાજેતરમાં જ રૂ. ૧૫૬નો નીચો ભાવ પડ્યો હતો. અત્યારના રૂ. ૧૮૩ના ભાવે પણ નફાશક્તિ ભાવમાં ઉછાળા માટે કોઈ સપોર્ટ નથી આપતી. એશિયન ગ્રેનિટોથી દૂર જ રહેવું સલાહ ભરેલ.


**મુરુડેશ્વર સિરેમિક**નો શેર અત્યારે ઘટીને રૂ. ૨૪ ઉપર આવી ગયો છે અને જાન્યુઆરી-૨૦૧૮માં આ શેરે રૂ. ૫૭નું ટોપ બતાવેલું. મુરુડેશ્વરમાં વાર્ષિક ધોરણે ૫૦ પૈસાની શેર દીઠ કમાણીની સંભાવના છે અને તે પાસું ધ્યાનમાં રાખીએ તો અત્યારનું ઘટેલું વેલ્યુએશન ખૂબ ઉંચું છે અને તેમાં આ ભાવે પણ પ્રોફીટ બુકીંગ કરતા જવાય.

**એચએસઆઈએલ**નો શેર રૂ. ૫૬૪થી ઘટીને અત્યારે રૂ. ૨૫૬ ઉપર આવી ગયો છે અને આ ભાવે તેને પરિણામોનો કોઈ સપોર્ટ નથી દેખાતો અને આગામી દિવસોમાં આ શેરમાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહેશે તે સંભાવના મજબૂત છે.

લોજિસ્ટિક કંપનીઓના શેરો અત્યારે ઘટેલા ભાવે પણ ખૂબ જ ઊંચું વેલ્યુએશન દર્શાવે છે. સને ૨૦૧૭-૧૮માં **મહિન્દ્રા લોજિસ્ટિકે** રૂ. ૬૨.૧૯ કરોડનો નફો અને રૂ. ૮.૮૭ની શેર દીઠ કમાણી મેળવ્યા હતા. જ્યારે જૂન ક્વાર્ટરમાં રૂ. ૨૩.૬૪ કરોડનો નફો અને રૂ. ૩.૩૨ની શેર દીઠ કમાણી મળ્યા છે અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો વાર્ષિક ધોરણે રૂ. ૧૪ની શેર દીઠ કમાણી મળવાની સંભાવના મજબૂત છે અને કમાણીના આ અંદાજની સામે શેર અત્યારે ૪૦નો પીઈ રેશિયો દર્શાવે છે. આગામી થોડાં ક્વાર્ટર બોટમલાઈનમાં સુંદર ઉછાળો જોવા મળશે તેમ છતાં વેલ્યુએશન એમ પણ ઊંચું છે અને તેથી લોંગટર્મ ઈન્વેસ્ટમેન્ટની રીતે શેર જાળવી શકાય. શોર્ટટર્મમાં ઉછાળાની જગ્યા મર્યાદિત.

**ફ્યુચર સપ્લાય ચેઈન**માં પણ અત્યારે રૂ. ૬૬૦નો ભાવ ચાલે છે અને ફ્યુચર ગ્રૂપની રિટેલ શ્રૃંખલા તેમજ અન્ય રિટેલ કંપનીઓ માટે કામ કરતી આ કંપનીના શેરમાં થોડાં દિવસો પહેલાં જ રૂ. ૭૫૦નું ટોપ બન્યું હતું. સને ૨૦૧૭-૧૮માં કંપનીએ રૂ. ૧૭ની શેર દીઠ કમાણી મેળવી હતી અને ચાલુ વર્ષે રૂ. ૨૦ની શેર દીઠ કમાણી મળવાની ગણતરી છે. આમ, આવતાં ૧-૨ ક્વાર્ટરમાં આ કંપની ખૂબ સુંદર નફાશક્તિ મેળવે અને તે પાછળ ભાવ એક તબક્કે રૂ. ૬૬૦થી વધીને રૂ. ૭૨૦-૭૩૦ થાય તે સંભાવના છે. તેમ છતાં બહુ મોટું રોકાણ કરી દેવું સલાહભરેલ નથી. ટ્રકોનો વિશાળ કાફલો ધરાવતી **ટીસીઆઈ** અને **વીઆરએલ ઈન્ડસ્ટ્રીઝ**ના શેર પણ અત્યારે આકર્ષક વેલ્યુએશન ઉપર આવી ગયા છે અને આગામી દિવસોમાં આ શેરોમાં વીસેક ટકા વૃદ્ધિની ગણતરી છે.

રૂ. ૪૫૧થી ઘટીને તાજેતરમાં રૂ. ૨૯૪ સુધી ઉતરી ગયેલો **અદાણીપોર્ટ**નો શેર ફરી એક વખત ધીમો સુધારો બતાવે છે. શેર અત્યારે રૂ. ૩૧૪ ઉપર છે અને ગયા વર્ષે તેણે રૂ. ૧૧.૬૩ની શેર દીઠ કમાણી બતાવી હતી. પ્રાથમિક નજરે વેલ્યુએશન થોડું ઊંચું લાગે તેમ છતાં પોર્ટના ટ્રાફીક અને નફાશક્તિમાં મોટા ઉછાળાની જગ્યા હોવાથી અદાણીપોર્ટનો શેર અત્યારના ૨૭ના પીઈ રેશિયો ઉપર આકર્ષક છે અને તેમાં રોકાણ જાળવી શકાય. સામે પક્ષે **ગુજરાત પિપાવાવ પોર્ટ**નું હોલ્ડિંગ






**SHAH FOODS LIMITED**

CIN : L 15419 GJ 1982 PLC 005071

Regd. Office : Block No. 453/1, Chhatral, Kalol, Mehsana Highway, Tal: Kalol, Dist. Gandhinagar, Gujarat - 382 729.

Telephone : 079 26448371, 02764233931

e-mail : nirav.shah@shahfoods.com

**NOTICE**

Notice is hereby given that the 03/2018-19 meeting of the Board of Directors of the Company will be held on Friday, 02/11/2018 at Block No. 453/1, 'CHHATRAL', Kalol-Mehsana Highway, Taluka Kalol, Gandhinagar – 382729 to approve and take on record the un-audited results with limited review certificate for the Quarter and half year ended on 30/09/2018.

By order of the Board of Directors
Sd/-
Nirav Shah
Managing Director
DIN:01880069

Date : 23/10/2018
Place : Ahmedabad

**DYNAMIC INDUSTRIES LIMITED**

Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445

Tel : 25897221-22-23

CIN : L24110GJ1989PLC011989

Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફડાઈરેક્ટર્સની મીટિંગ ૨મી નવેમ્બર,૨૦૧૮,શુકવારના રોજ સાંજે ૫:૦૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફીસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક અને અર્ધવાર્ષિક સમયગાળાના અન-ઓડીટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ https://beta.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
ગણેશ ટેમકર
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ :૨૪ ઓક્ટોબર,૨૦૧૮